શ્રી રામચંદ્ર મીશન®

ECHOES INDIA NEWSLETTER

# આદરણીય પ્રિયશ્રી કમલેશભાઈનો જન્મોત્સવ

**ડી.જે. પાર્ક, તિરૂપુર**

27 થી 29 સ્પટેમ્બર 2015



શ્રી કમલેશભાઈનો 60મો જન્મદિવસ ત્રણ દિવસના ભંડારા તરીકે ડી.જે. પાર્ક, તિરૂપુરમાં ઉજવવામાં આવ્યો હતો. આ વખતે પહેલી જ વાર તેમનો જન્મદિવસ ભંડારા તરીકે ઉજવવામાં આવ્યો હતો. આની જાહેરાત ફક્ત બે મહિના પહેલાં જ કરવામાં આવી હતી તેમ છતાં, સંચાલકોએ આટલા ઓછા સમયમાં પણ પર્યાપ્ત વ્યવસ્થા કરી દીધી હતી. ઉત્સવ સારી રીતે પાર પડી ગયો હતો. તે માટે જે બધા અભ્યાસી સ્વયંસેવકોએ થાક્યા વિના સમયસર આયોજન કર્યું હતું તે બધા અભ્યાસી સ્વયંસેવકોનો આભાર.

શ્રી કમલેશભાઈએ 27 અને 28મીએ બંને દિવસે ત્રણ સીટીંગો આપી હતી અને સમાપનની સીટીંગ 29મીએ આપી હતી. સત્સંગના સમય સવારે 6.30, 10.00 અને સાંજે 5.00 વાગ્યાના હતા.

શ્રી કમલેશભાઈએ 27મીએ સાંજે તેમને ભેટ લેવાનું કેમ ગમતું નથી તે અંગે વાત કરી હતી. તેમણે સૌને નમ્રતાપૂર્વક વિનંતી કરી હતી કે જો તેઓ કંઈક આપવા જ માંગતા હોય તો તેમને ભેટ આપવાને બદલે મિશનને આપે. તેમણે જણાવ્યું હતું કે જે હાર્ટફુલનેસ પધ્ધતિની પહેલ આખી દુનિયામાં શરૂ કરવામાં આવી છે, તેને ઉત્તેજન આપવા અને કાર્યક્રમો કરવા ઘણા બધા પૈસાની જરૂર છે.

28મીએ સવારે તેઓ ખૂબ જ આનંદમાં હતા અને તેમણે જણાવ્યું હતું કે તેમના જન્મદિવસની સૌથી ઉત્તમ ભેટ એ હતી કે અભ્યાસીઓએ કોટેજમાં ભીડ કરી ન હતી અને ત્યાં એકદમ શાંતિમય વાતાવરણ હતું. સહજમાર્ગ દ્વારા એક વ્યક્તિથી બીજા વ્યક્તિ સુધી કેવી રીતે પડઘો પાડવો જોઈએ અને અત્યારે જે લોકો મિશનમાં આવે છે, તેમના દ્વારા તેનો ફેલાવો કેવી રીતે કરી શકાય તે વિષે તેમણે વાત કરી હતી. જે દિવસે જિજ્ઞાસુઓ આપણી સાથે જોડાય તે જ દિવસથી આપણે રિલેક્ષેશનની પધ્ધતિ શિખવવા માટે તેમને પ્રોત્સાહન આપવું જોઈએ. જેથી તેઓ પણ બીજાઓ સાથે પણ સહજમાર્ગની વાત કરતાં સ્વસ્થતા અનુભવે. કાર્યક્રમોનું સંચાલન કરવા માટે ઉતાવળ કરતાં પહેલાં તેમણે અભ્યાસીઓને હાર્ટફુલનેસની પહેલ કરવાની સાચી રીત સમજી લેવા કહ્યું હતું. તેમણે બધા અભ્યાસીઓના સૂચનો પણ આવકાર્યાં હતાં અને સૂચનો ઈમેલ દ્વારા suggestions@srcm.org. મોકલવાનું કહ્યું હતું.

તિરૂપુરમાં પહેલી જ વાર મેડિટેશન હોલમાં ભેજનું પ્રમાણ જળવાઈ રહે તે માટે વ્યવસ્થા કરવામાં આવી હતી. તેને લીધે દિવસ દરમિયાન અભ્યાસીઓને ગરમીમાંથી ખૂબ રાહત મળી હતી. મેડિટેશન હોલમાં 16500 અભ્યાસીઓએ સત્સંગમાં હાજરી આપી હતી અને ભોજનખંડમાં લગભગ 19000 અભ્યાસીઓની સંખ્યા



શ્રી રામચંદ્ર મીશન®

એકોઝ ઈન્ડીયા ન્યુઝલેટર








હતી.

આ પ્રસંગે પ્રકાશન વિભાગ દ્વારા ઘણાં પુસ્તકો અને ઓડીયો, વિડીયોનું પ્રકાશન બહાર પાડવામાં આવ્યું હતું. હાર્ટફુલનેસ મેગેઝીને સુંદર રજૂઆત કરવાની તેની ઢબને કારણે સૌનું ધ્યાન આકર્ષિત કર્યું હતું અને હકીકતમાં તેમાં વિવિધ સિધ્ધાંતોમાંથી વિષયો અને લેખોની વિશાળ શ્રેણી આવરી લેવામાં આવી હતી.

27મી અને 28મીએ હાર્ટફુલનેસની તાલીમ આપવાના કાર્યક્રમો રાખવામાં આવ્યા હતા. હાર્ટફુલનેસની બધી પહેલ કેવી રીતે કરવી તે સવિસ્તાર સમજાવવામાં આવ્યું હતું, તેમાં મદદરૂપ સામગ્રીઓ વહેંચવામાં આવી અને શંકાઓનું સમાધાન પણ કરવામાં આવ્યું હતું. 28મીએ સાંજે શ્રી કમલેશભાઈએ હાર્ટફુલનેસના સવાલોના જવાબો આપ્યા હતા. તેમણે વિનોદવૃત્તિથી તેમની સમક્ષ મૂકવામાં આવેલા સાવ મામૂલી સવાલોના જવાબ પણ શાંતિપૂર્વક આપ્યા હતા અને ખીચોખીચ ભરેલા હોલને મનોરંજન સાથે જાણકારી પણ આપી હતી.

શ્રી કમલેશભાઈએ ભંડારા માટે હાર્ટફુલનેસ વિષય આપ્યો હોવાથી આપણે તેમાં હૃદયપૂર્વકના અભિગમનો સ્પર્શ જોઈ શકતા હતા. વડીલોની કાળજી રાખવા માટે અને પરિવાહનની સુવિધામાં સુધારો લાવવા પગલાં લેવામાં આવ્યાં હતાં.

સુખનિવાસમાં 1200 અભ્યાસીઓને રાખવામાં આવ્યા હતા અને જેમને વાતાનુકુલિત સુખનિવાસની જરૂર હોય, તેમના માટે પણ વ્યવસ્થા હતી. ભેટરૂપે વહેલી સવારે ચા, બિસ્કિટ, કેળાં, જ્યુસ પણ સુખ નિવાસમાં આપવામાં આવતાં હતાં. ગરમપાણી અને જમવાનું પણ પહોંચાડવામાં આવતું હતું.

શ્રી કમલેશભાઈ તેમના કામના અતિ વ્યસ્ત સમયપત્રકમાંથી સમય કાઢીને દરરોજ સાંજે અભ્યાસીઓને મળવા માટે નાનો આંટો મારવા બહાર આવતા હતા. દરરોજ ઠંડી અને ખુશનુમા સાંજ રહેતી હતી અને થોડો વરસાદ અને ઝરમર પણ રહેતી હતી. વરસાદ પડતાં પહેલાં ડી.જે. પાર્કના પૂર્વ છેડે મોરની કળા આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.

આ ભંડારા દરમિયાન મોબાઈલ એપની 'સહજ કનેક્ટ' સેવા શરૂ કરવામાં આવી હતી અને આ સેવાએ હાજર રહેલા દરેક જણનું ધ્યાન લલચાવી દીધું હતું. આ સુવિધાથી તમે ક્યાં છો તે ધ્યાનમાં ન લેતાં, દુનિયામાં જ્યાં પણ હો ત્યાંથી અને જ્યારે તમને સીટીંગો લેવા જેવું લાગે, ત્યારે તમે પ્રશિક્ષકો પાસે સીટીંગ લઈ શકો છો.

પાણી પૂરવઠો, પીવાનું શુધ્ધ પાણી, બાથરૂમ ટોયલેટની સફાઈ, કચરાના નિકાલની વ્યવસ્થા વગેરે સેવાઓ સંપૂર્ણપણે પર્યાપ્ત હતી અને શ્રી કમલેશભાઈએ ભવિષ્યમાં કેટલાક સુધારાઓ માટે પણ સૂચન કર્યું હતું.

29મીએ સવારે તેમના સમાપન વકતવ્યમાં શ્રી કમલેશભાઈએ બધાને તેમની હાલત ટકાવી રાખવા જણાવ્યું હતું અને હવે પછીના પૂ.લાલાજી મહારાજના જન્મદિવસના બીજા ભંડારાની આતુરતાથી રાહ જોવા કહ્યું હતું. જેમણે આ ઉત્સવમાં ભાગ લીધો હતો તેમાંથી મોટાભાગનાએ આ ભંડારાના અનુભવનું વર્ણન ઊંચી કક્ષાના ભંડારા તરીકે કર્યું હતું.



શ્રી રામચંદ્ર મીશન®

એકોઝ ઈન્ડીયા ન્યુઝલેટર

## ભારતના બાકીના સેન્ટરોમાં ઉજવવામાં આવેલા ઉત્સવના ફોટાઓ












## નવાં પ્રકાશનોનું વિમોચન







### પુસ્તકો

રામચંદ્રની સંપૂર્ણ કૃતિઓ ભાગ 3 (તામિલ)

રામચંદ્રની સંપૂર્ણ કૃતિઓ ભાગ 4 (મલયાલમ)

વે ઓફ લવ (અંગ્રેજી)

### અંગ્રજી ડીવીડીઓ

લવ ઈઝ ધી એસેન્સ

ધી એસેન્સ ઓફ સહજમાર્ગ









અમદાવાદ

## માસ્ટરના પ્રવાસનો હેવાલ

### ઓગસ્ટ 2015

#### અમદાવાદ, ગુજરાત

આદરણીય શ્રીકમલેશભાઈ હૈદ્રાબાદથી 13 ઓગસ્ટના રોજ અમદાવાદ આવ્યા હતા. 14મી ઓગસ્ટ, પૂજ્ય લાલાજી મહારાજની મહાસમાધિનો દિવસ હોવાથી, ગુજરાતના બધા જ અભ્યાસીઓને સત્સંગ માટે અડાલજ યોગાશ્રમ ખાતે હાજર રહેવા આમંત્રિત કરવામાં આવ્યા હતા. 1100 અભ્યાસીઓના સંમેલન સાથે નાના પાયાના ભંડારા જેવું આશ્રમનું આશ્રમનું વાતાવરણ હતું અને શ્રી કમલેશભાઈએ દરરોજ બે સીટીંગોનું સંચાલન ત્રણ દિવસ સુધી કર્યું હતું.

15મી ઓગસ્ટે, સત્સંગ કરાવ્યા પછી, શ્રીકમલેશભાઈએ બધા અભ્યાસીઓને સંબોધિત કર્યા હતા. કાર્યકર્તાઓના કાર્ય વિષે સ્પષ્ટતા કરી હતી. તેમણે કહ્યું હતું કે કેવી રીતે અભ્યાસી પોતાની સાધના દ્વારા પોતાની અંદર પ્રકાશનું સર્જન કરીને અને ખાસ કરીને મિશનનું કાર્ય પોતાના અંગત કાર્યની જેમ કરીને પોતાના માસ્ટરને ફરજ પાડી શકે છે. તે પછી બાબુજી મહારાજના ઉદાહરણો આપી 10 મી ડિસેમ્બર, 2004ના વ્હીસ્પર્સના સંદેશાનું સ્પષ્ટિકરણ કરીને તેમણે હાર્ટફુલનેસ વિષે ઝીણવટપૂર્વક સમજાવ્યું હતું.

સાંજે રાખવામાં આવેલી અવિધિસરની પ્રશ્નોત્તરીના કાર્યક્રમમાંથી લીધેલા થોડા મુદ્દાઓ:

- આપણને જે કંઈ પણ આપવામાં આવ્યું છે, તે આગળ પ્રગતિ કરવા માટે આપવામાં આવ્યું છે. જ્યારે આપણે કોઈ વ્યક્તિ સાથે હાથ મિલાવીએ અથવા કોઈને મળીએ, ત્યારે તે વ્યક્તિને આપણી અંદરની અવસ્થાની અસરનો અનુભવ થવો જોઈએ. તે અવસ્થા આપણી અંદરથી બહાર આવવી જોઈએ, આપણે આધ્યાત્મિક અવસ્થાઓની કબર ન બનવું જોઈએ, તે બધું ચેપી રોગની જેમ બધે જ પ્રસરવા માટે છે.
- બધી જ માતાઓને સલાહ આપવામાં આવી હતી કે ‘મહાન ગુરુદેવો’ એ જે બાળકો તમને સોંપ્યાં છે, તેના તમે વહીવટકર્તા છો. બાળકોના જીવનને સરળ બનાવવાના બહાના હેઠળ તમારે તેમના જીવનનું માર્ગદર્શન ક્યારેય ન કરવું જોઈએ. તેમણે કહ્યું હતું કે સ્ત્રીની મુખ્ય અને અત્યંત મહત્ત્વશીલ ફરજ તેમનાં બાળકોનું ધ્યાન રાખવાની છે, બીજી બધી બાબતો ગૌણ છે.

હાજર રહેલા દરેક જણ માટે તે આનંદમય શિક્ષણનું સત્ર હતું.

#### પ્રશિક્ષકો માટે તાલીમનો કાર્યક્રમ

શરૂઆતમાં 19મી થી 23 મી ઓગસ્ટ સુધી 18 ઉમેદવારોની ટુકડી માટે આ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો, પરંતુ ધીમે ધીમે આખા દેશમાંથી વધારેને વધારે ઉમેદવારો આશ્રમમાં આવવા લાગ્યા અને છેવટે સંખ્યા 52 થઈ ગઈ. તાલીમના એક દિવસ પહેલાં, સાંજના સત્સંગ પછી, માસ્ટર સાથે તેમણે ટૂંકી બેઠક રાખવામાં આવી હતી. જ્યાં સુધી પુસ્તકોમાં રહેલા સારનો તેમને અનુભવ ન થાય, ત્યાં સુધી ભલામણ કરવામાં આવેલાં પુસ્તકો જોઈ જવાની બધાને સલાહ આપવામાં આવી હતી.

શ્રી કમલેશભાઈએ યોગાશ્રમની તાલીમ માટેની ડોરમેટરીમાં ગહન વક્તવ્ય આપ્યું હતું, તેમાં તેમણે સ્વામી વિવેકાનંદના ભાષણમાંથી અવતરણો વાંચ્યાં હતાં, જેમાં વિગતવાર જણાવવામાં આવ્યું હતું કે જ્યારે તેમના પરિવારને તેમની અત્યંત જરૂર હતી, ત્યારે તેમને માટે તેમના ગુરુનું કાર્ય કેટલું અગત્યનું હતું. સમયની કેટલી જરૂર છે અને પોતાની અગ્રીમતાઓને ધ્યાનમાં લઈને અતિશય પ્રેમપૂર્વક, સંભાળપૂર્વક અને બિન પ્રભાવી રીતે તે સંદેશને રજૂ કરવામાં આવ્યો હતો.

22મી એ સવારે, શ્રી કમલેશભાઈએ છેલ્લી સીટીંગ આપી હતી



પ્રશિક્ષકો માટે તાલીમ, અમદાવાદ


અમદાવાદ


પનવેલ

અને લગભગ 10–30 વાગે મુંબઈ જવા રવાના થયા હતા.

## પનવેલ, મુંબઈ

શ્રી કમલેશભાઈ બેલારસના તેમના પ્રવાસમાં આગળ વધતાં પહેલાં પનવેલ આશ્રમમાં આવ્યા હતા. તેમની બે દિવસની હાજરીનો લાભ લેવા માટે હજારો અભ્યાસીઓ આશ્રમ ખાતે શાંતિથી એકત્રિત થયા હતા.

તે સાંજે, શ્રીકમલેશભાઈએ અભ્યાસીઓ સાથે ડાઈનીંગ હોલમાં ભોજન લીધું હતું. રાતનું ભોજન લીધા પછી, તેમણે અભ્યાસીઓ સાથે અવિધિસરની પારસ્પરિક વાતચીત કરી હતી અને તેમની શંકાઓનું સમાધાન કર્યુ હતું

23મીને રવિવારે, માસ્ટરે સવારનો સત્સંગ કરાવ્યો હતો અને ત્યાર પછી અભ્યાસીઓએ પોતાની ચિંતનશીલ અવસ્થાને આખો દિવસ ટકાવી રાખવાની જરૂરિયાત વિષે સમજાવ્યું હતું. તેમણે હાજર રહેલા દરેકને સહજ માર્ગ આધ્યાત્મિક ઝૂંબેશની યાદ અપાવી હતી, જેની શરૂઆત બાબુજીએ 1945માં કરી હતી અને કહ્યું હતું કે આપણે તેમાં વધારો કરીને તેનો વિશ્વભરમાં ફેલાવો કરવો જોઈએ. સંખ્યાનું મહત્ત્વ નથી, બીજાઓના હૃદયમાં આપણે કેવો પ્રભાવ પાડીએ છીએ તે મહત્ત્વનું છે.

સ્વામી વિવેકાનંદને તેમના ગુરુનો સંદેશ ફેલાવતી વખતે જે હાડમારીઓનો સામનો કરવો પડ્યો હતો, તે બાબતમાં તેમના સાહિત્યનો ઉલ્લેખ કરતાં, તેમણે યાદ અપાવ્યું હતું કે શિષ્યો તરીકે ઝુંબેશનો ફેલાવો કરવામાં આપણને એવી મુશ્કેલીઓનો સામનો કરવો પડતો નથી.

દિવસ દરમિયાન, માસ્ટરે પનવેલથી આવેલા સ્વયંસેવકો સહિત અભ્યાસીઓના વિવિધ જૂથ સાથે પારસ્પરિક વાતચીત કરતાં કહ્યું હતું કે મુંબઈની આજુબાજુનાં નાનાં સેન્ટરોમાંથી આવતા અભ્યાસીઓ, યુવકો અને વડીલોને સહજ માર્ગની યાત્રામાં પ્રોત્સાહન આપવાનું ચાલુ રાખવું જોઈએ.

સાંજના સત્સંગ પછી, તેમણે બાળકો વિષે વાત કરી હતી અને કહ્યું હતું કે માતાપિતાએ સુનિશ્ચિત કરી લેવું જોઈએ કે કોઈપણ રીતે તેઓ બાળકોનાં સૂક્ષ્મ શરીરોને ખલેલ ન પહોંચાડે. તેમણે માતાપિતાને તેમની જીવનશૈલીઓનું નિયમન કરવાની સલાહ આપી હતી, જેથી બાળકોના તાલમેલ સાથે એકરાગતા સ્થાપિત કરી શકાય.

તેમની પારસ્પરિક વાતચીતમાં, તેમણે ચારિત્ર્ય ઘડતર અને શિસ્ત પર ભાર આપ્યો હતો અને કહ્યું હતું કે અભ્યાસીઓએ તેમના બાહ્ય વર્તનમાં પણ આ મૂલ્યો પ્રતિબિંબિત કરવાં જોઈએ. તેમણે ચેતવણી આપી હતી કે ધ્યાન આપણા જીવનમાં માત્ર કર્મકાંડ ન બનવું જોઈએ.

શ્રી કમલેશભાઈએ મુંબઈથી વાયા ફ્રેન્કફર્ટ થઈને મિન્સ્કની ઉડાન ભરતાં, આ ઘણો લાંબો રવિવાર પૂરો થયો.

## બેલારસ અને ફ્રાન્સનો પ્રવાસ

શ્રીકમલેશભાઈએ બેલારસમાં મિન્સ્કની મુલાકાત 24 મીથી 30 ઓગસ્ટ સુધી લીધી હતી અને ત્યાંથી નીસ અને ફ્રાન્સમાં મોંપેલીરોનો તેમનો પ્રવાસ ચાલુ રાખ્યો હતો. ફ્રાન્સમાં તેઓ 31 મી ઓગસ્ટથી 4 થી સપ્ટેમ્બર સુધી હતા. વિગતવાર હેવાલ મિશનની વેબસાઈટ પર ઉપલબ્ધ છે. તેમના વકતવ્યોમાંથી થોડા મુદ્દાઓ નીચે આપ્યા છે:

- તેમણે કહ્યું હતું કે બાબુજી કહે છે કે, “કૃપા કરીને નિયમિતપણે ધ્યાન કરો. નિયમિતપણે ધ્યાન કરીને વિશેષ વાતાવરણ લાવવામાં તમે મને મદદ કરશો. એકવાર જટિલ લોકો સુધી અથવા વાતાવરણના આ જટિલ સ્તરે પહોંચી જઈએ, તો તે ક્ષણથી જ આનુવંશિક બદલાવ લાવવા માટે, તે નાના બદલાવ


બેલારસ



બેલારસ



ઈંદોર

મોટા અને અગત્યના બદલાવ બની જશે.”

- ગુરુઓના સંદેશાઓ વિશ્વ સુધી પહોંચાડવાનો ઉત્તમ અને એકમાત્ર માર્ગ છે, સંદેશાઓને પહેલાં આપણાં હૃદયમાં લઈને પછી તેનું વિતરણ કરીએ.
- આધ્યાત્મિકતા તરફનું પહેલું પગલું છે સ્વીકૃતિ. આ સ્વીકૃતિ શીખવા માટે તાલીમ મેળવવાનું સ્થાન છે પારિવારિક જીવન.
- તેમણે કહ્યું કે આધ્યાત્મિકતામાં અતિશય અગત્યનો આવશ્યક ગુણ છે વિનમ્રતા. જેમની પાસે આ ગુણ છે તે ઉચ્ચતમને સરળતાથી પ્રાપ્ત કરી શકે છે. વિનમ્રતાની વ્યાખ્યા કરતાં તેઓ કહે છે કે તેમાં વ્યક્તિ પોતાને તુચ્છ હોવાનું ગણે છે.

## સપ્ટેમ્બર 2015

### પનવેલ આશ્રમ, મુંબઈ

11 મી સપ્ટેમ્બરે, શ્રીકમલેશભાઈ સવારે 9.30 વાગે પનવેલ આશ્રમ આવ્યા હતા. નાસ્તો કર્યા પછી તરત જ તેઓ પિલ્લાઈ કોલેજ, રસાયણી કેમ્પસ, રાયગઢ જવા રવાના થયા હતા. સાંજે, શ્રીકમલેશભાઈએ પનવેલ આશ્રમ ખાતે સત્સંગનું સંચાલન કર્યું હતું. સત્સંગ કરાવ્યા પછી તેમણે અભ્યાસીઓને તેમનો પોતાનો ડર કાગળ પર લખીને તેમને આપવા માટે કહ્યું હતું.

12 મી એ 7.30 વાગ્યાના સત્સંગનું સંચાલન કર્યા પછી તેમણે ટુંકું વકતવ્ય આપ્યું હતું. તેમણે પુનરોચ્ચાર કરતાં કહ્યું હતું કે દરેકને પોતાના નિર્માતામાં દ્રઢ વિશ્વાસ હોવો જોઈએ. ઈંદોર જવા માટે એરપોર્ટ પહોંચવા તેઓ પનવેલ આશ્રમમાંથી 11.30 વાગે નીકળ્યા હતા.

### ઈંદોર, મધ્ય પ્રદેશ

ઈંદોર એરપોર્ટ પર અભ્યાસીઓના નાના જૂથે શ્રીકમલેશભાઈનું હાર્દિક સ્વાગત કર્યું હતું. તેમના યજમાનના ઘરમાં ઝડપથી બપોરનું ભોજન લઈને અને થોડો આરામ કરીને તેઓ જૂના આશ્રમ પર જવા રવાના થયા હતા. ત્યાં 1000 કરતાં પણ વધારે અભ્યાસીઓને સત્સંગ કરાવ્યો હતો. આશ્રમ જતાં રસ્તામાં તેમણે માર્ગદર્શિત સફાઈની પ્રક્રિયાની સૂચનાઓ હિંદીમાં આપવાનું કહ્યું હતું. માર્ગદર્શિત સફાઈની પ્રક્રિયા 5-7 મિનિટ કરાવ્યા પછી, શ્રીકમલેશભાઈએ 40 મિનિટનો સત્સંગ કરાવ્યો હતો.

સત્સંગ પછી તેમના ટૂંકા વકતવ્યમાં તેમણે હાર્ટફુલનેસનો પરિચય કરાવ્યો હતો અને કહ્યું હતું કે સહજ માર્ગનો ફેલાવો કરવા માટે ઘણા બધા પ્રશિક્ષકોની જરૂર છે. જે અભ્યાસીએ ‘રામચંદ્રની સંપૂર્ણ કૃતિઓ’ના બધા જ ભાગ વાંચી લીધા હોય અને મિશનની સેવા કરવા માટે તૈયાર છે, તે પ્રશિક્ષક તરીકે સેવા આપવા માટે તેમની મરજી જણાવી શકે છે.

13 મીએ સવારે 7.30 વાગે બર્દરીમાં નવા આશ્રમના સ્થળે તેમણે સત્સંગ કરાવ્યો હતો અને તે પછી મેડિટેશન હોલ માટે અધાર શિલા મૂકી હતી. તેમણે થોડાં બાળકોને તેનું અનાવરણ કરવા બોલાવ્યાં હતાં અને તેમણે આ પ્રક્રિયા માત્ર નિહાળી હતી.

આગલા દિવસે ભારે વરસાદ થયો હોવાથી રહેવા-જમવાની અને બીજી સુવિધાઓ નજીકમાં આવેલી કોલેજમાં કરવામાં આવી હતી. કોલેજના મેદાનનો ઉપયોગ કામચલાઉ મેડિટેશન હોલ બનાવવા માટે કરવામાં આવ્યો હતો.

શ્રીકમલેશભાઈએ અચાનક 10.30 વાગે પ્રશિક્ષકોની બેઠક બોલાવવાનું નક્કી કર્યું હતું. તેનું આયોજન ઝડપથી કોલેજના ઓડિટેરિયમમાં કરવામાં આવ્યું હતું. તેમાં લગભગ 60 પ્રશિક્ષકો હાજર રહ્યા હતા. બેઠક બોલાવવાનો મુખ્ય આશય પ્રશિક્ષકો અભ્યાસીઓ સાથે અને ખાસ કરીને નવા અભ્યાસીઓ સાથે વધારે મોકળા મનના અને મૈત્રીભાવવાળા બને તે કહેવાનો હતો.



ઈંદોર

શ્રી રામચંદ્ર મીશન®

એકોઝ ઈન્ડીયા ન્યુઝલેટર

તેમણે બુધવારના અને રવિવારના સત્સંગોનું વિકેન્દ્રીકરણ કરવાનો અને તેનાથી હાજર રહેનારાઓની સંખ્યામાં થયેલા વધારાનો અનુભવ કહ્યો હતો. તેમણે બધા અભ્યાસીઓને તેમના પોતપોતાનાં સેન્ટરોમાં આની તપાસ કરવા પ્રોત્સાહિત કર્યા હતા.

- તેમણે વિગતવાર એ પણ સમજાવ્યું હતું કે પ્રશિક્ષકે તેની પોતાની ક્ષમતાઓને ઉતરતી કક્ષાના વિચારોથી મર્યાદિત ન કરવી જોઈએ. તેમણે કહ્યું હતું કે પ્રશિક્ષક અભ્યાસી, શહેર, રાજ્ય, દેશ કે ખંડ અથવા સમગ્ર પૃથ્વી પર કાર્ય કરી શકે છે.
- જો ગુરુજીની પરવાનગી મળે, તો મુક્તિ માટે સહજ માર્ગમાં 13 બિંદુઓના આંતરછેદ સાથે મૃત્યુ સંબંધિત 13 દિવસની વિધિઓ વિષે પણ કહ્યું હતું. છતાં પણ, નજીકમાં કોઈ પણ સગાં વહાલાંનું કે કોઈપણ અભ્યાસીનું મૃત્યુ થાય, તો ઈમેલ દ્વારા માસ્ટરને તરત જ જણાવવું જોઈએ. જેથી તે માટે તેઓ કાર્ય કરી શકે–પ્રશિક્ષક ત્યાં જ્યારે પણ જાય, ત્યારે ત્યાં જે પણ હાજર હોય–તે અભ્યાસી હોય કે ના હોય, સત્સંગ કરાવી શકે છે.
- તેમણે ઈંદોર સેન્ટરને તેમની અચાનક મુલાકાતથી આશ્ચર્યચકિત કરી દીધા હતા, તેમ પ્રશિક્ષકે પણ કોઈવાર અભ્યાસીને આશ્ચર્યચકિત કરવા જોઈએ; તેને ફોન કરો અને સીટીંગમાં બેસવા માટે કહો.

11 વાગ્યાના સત્સંગના સમયે ખૂબ તડકો હોવાથી, તેમણે સૂચના આપી હતી કે એક પણ અભ્યાસી તડકામાં ધ્યાનમાં ન બેસે, તેને બદલે વરંડાનો અથવા કોલેજના ઓરડાઓનો ઉપયોગ કરે અને તડકાથી દૂર રહે. આવી નાનકડી ચેષ્ટાથી આપણા પ્રિય માસ્ટરનો કાળજી કરવાનો સ્વભાવ જોવા મળ્યો હતો.

લગભગ 3.30 વાગે ખૂબ પવન સાથે ધોધમાર વરસાદ પડતો હતો અને બધા જ ટેન્ટ અને કામચલાઉ મેડિટેશન હોલ પડી ભાંગ્યા હતા. હવામાનના સંજોગોને ધ્યાનમાં લેતાં, બહારથી આવેલા બધા જ અભ્યાસીઓને સ્થળ પરથી જતા રહેવાની વિનંતી કરવામાં આવી હતી, કારણ કે આવી ઉગ્ર પરિસ્થિતિમાં પ્રબંધ કરવો શક્ય ન હતો. સાંજનો સત્સંગ રદ કરવામાં આવ્યો હતો અને 10 વાગ્યા પહેલાં અભ્યાસીઓ જ્યાં પણ હોય, ત્યાં જ તેમને ધ્યાનમાં બેસી જવા માટે કહેવામાં આવ્યું હતું.

સાહજીક રીતે જ, કોલેજના બે ભાગીદારો કમલેશભાઈને મળવા આવ્યા અને તે બંનેએ જેવી સહજ માર્ગમાં રુચિ બતાવી કે તેમણે તેઓને સીટીંગનો અનુભવ લેવા માટે કહ્યું. લગભગ 5.30 વાગે તેમણે રિલેક્ષેશનથી શરૂઆત કરી હતી અને ધ્યાન ચાલુ કરાવ્યું હતું. ધ્યાન દરમિયાન એક ભાઈને ખાંસી આવી, ત્યારે બીજા ભાઈને ખલેલ ન પડે તે રીતે, કમલેશભાઈએ પોતે ઊભા થઈને પંખો બંધ કર્યો અને પાણીની બોટલ આપી અને સીટીંગ ચાલુ રાખી હતી.

14 મીએ 7.30 વાગે જૂના આશ્રમમાં તેમણે સત્સંગ કરાવ્યો હતો, તેમાં લગભગ 800 અભ્યાસીઓ હતા. આશ્રમમાં નાસ્તો કર્યા પછી, તેમને અચાનક નવા આશ્રમના સ્થળની મુલાકાત લેવાનું



પ્રશિક્ષકો માટે તાલીમ, તિરૂપુર

નક્કી કર્યું. જતી વખતે તેમને યુનિવર્સીટી કેમ્પસનું ચક્કર લગાવ્યું હતું, ત્યાં એક સંસ્થામાં યુ–કનેક્ટ કાર્યક્રમનું સંચાલન કરવામાં આવી રહ્યું હતું.

એરપોર્ટ જતાં પહેલાં, તેમણે જૂના આશ્રમની મુલાકાત લીધી હતી અને સ્વયંસેવકોને એ સમજાવીને સંબોધિત કર્યા હતા કે સ્વયં સેવાનું કાર્ય નિ:સ્વાર્થભાવે કરવું જોઈએ. કાર્યની જાહેરાતની ઈચ્છા દર્શાવતો એક પણ વિચાર તેના હેતુને ખતમ કરી નાખે છે. કાર્ય નામના મેળવવા માટે ન હોવું જોઈએ તે માત્ર, નિષ્ઠાપૂર્વક અને આદર સહિત કરવું જોઈએ. તેમણે બધાને સેવાની ભાવના રાખ્યા વગર સેવા કરવાની અને તેમના સ્વયંસેવાના કાર્ય માટે ઓળખની જરૂરથી ઉપર ઊઠીને કાર્ય કરવા વિનંતી કરી હતી, નહીં તો તે ગર્વ અને અહંકારમાં વધારો કરવામાં પરિણમશે.

હૈદ્રાબાદ જવા માટે તેમની આગળની યાત્રા શરૂ કરવા માટે તેઓ ઈંદોર એરપોર્ટ પર 11.00 વાગે પહોંચ્યા હતા.

### તિરૂપુર

શ્રીકમલેશભાઈ તિરૂપુર 20 મી સપ્ટેમ્બરે આવી ગયા હતા. તેમના આગમનનું સ્વાગત એકદમ શાંતિમય રીતે ઉત્સાહિત હૃદયોથી કરવામાં આવ્યું હતું. 138 નવા પ્રશિક્ષક ઉમેદવારો માટે તાલીમનો કાર્યક્રમ 19 મી સપ્ટેમ્બરથી ચેટ્ટીપાલયમ આશ્રમમાં રાખવામાં આવ્યો હતો. તેમને તે બધાને સીટીંગ આપી હતી અને જૂથને સંબોધિત પણ કર્યું હતું.

ભંડારા પહેલાં, તામિલનાડુ અને કેરાલાથી આવેલા પ્રશિક્ષકો માટે ત્રણ દિવસના સેમિનારની શરૂઆત શ્રીકમલેશભાઈએ કરાવેલા સત્સંગ અને વકતવ્યથી થઈ હતી. સ્પષ્ટ રીતે જોતાં, તાજેતરના



તિરૂપુર

શ્રી રામચંદ્ર મીશન®

એકોઝ ઈન્ડીયા ન્યુઝલેટર


ઈરોડ આશ્રમ ઉદ્‌ઘાટન


ફ્રી મેડિકલ સેન્ટર, તિરૂપુર

સેમિનારની પદ્ધતિ માસ્ટર દ્વારા જે કાંઈ આપવામાં આવ્યું છે, તેને હૃદયમાં સ્થાપિત કરીને આત્મસાત કરવા માટેની પદ્ધતિ છે.



સામાન્યપણે, માસ્ટર જ્યારે તિરૂપુરમાં હતા, ત્યારે તેમનો કાર્યક્રમ વહેલી સવારથી અડધી રાત સુધી ઘણો જ ભરચક રહેતો હતો. તેમણે 25મી સપ્ટેમ્બરે ઈરોડમાં નવા બાંધવામાં આવેલા મેડિટેશન હોલનું ઉદ્‌ઘાટન કર્યું હતું. તેઓ આશ્રમ પર 10.15 વાગે આવ્યા હતા અને આવીને પહેલાં મિડિટેશન હોલ તરફ જતાં જમણી બાજુએ પીપળાનો છોડ રોપ્યો હતો. હોલમાં પ્રવેશતી વખતે તેમણે કહ્યું હતું કે, “મેડિટેશન હોલ ઘણો જ અદ્‌ભૂત છે.” તેમણે સત્સંગ કરાવ્યો હતો અને પ્રેરણાત્મક વકતવ્ય આપ્યું હતું, તેનું ભાષાંતર સીઆઈસી ભાઈ દ્વારા તામિલમાં કરવામાં આવ્યું હતું. તેમના વકતવ્યમાં ઉલ્લેખ કરતાં કહ્યું હતું કે પ્રાણાહુતિ હવા જેવી છે અને તે સર્વત્ર મોજૂદ છે, માસ્ટરની મદદથી બધાંએ પ્રાણાહુતિનો અનુભવ કર્યો હતો. તેમણે એમ પણ કહ્યું હતું કે ઈરોડ સેન્ટરમાં વધારે પ્રશિક્ષકોની જરૂર છે અને કાર્ય કરવા માટે ઉત્સુક અભ્યાસીઓને તૈયાર થવા કહ્યું હતું.

આ આશ્રમ ઈરોડ બસ સ્ટેશનથી 21 કી. મી. દૂર, બેંગ્લોર–ચેન્નાઈ ધોરી માર્ગ પર અટ્ટાયમપાલયમમાં આવેલો છે. બાજુમાં રસ્તો અને આગળના ભાગ સહિત નવો હોલ 10,400 ચો. ફૂટનો છે. નવો હોલ બાંધવાનાં વિશેષ કાર્યો સિવાયનાં હાથથી કરવાનાં મોટાભાગનાં બધાં જ કાર્યો અભ્યાસીઓએ જાતે કર્યાં હતાં. આશ્રમની ઈમારતમાં પરિણામજનક વાતાવરણ હતું અને ટીમવર્ક દ્વારા અભ્યાસીઓમાં ભાઈચારો પણ વધ્યો હતો.

ડી. જે. પાર્ક તિરૂપુર ખાતે, 26 મીનો સવારનો સત્સંગ કરાવતાં પહેલાં, શ્રીકમલેશભાઈએ ડી.જે. પાર્ક ખાતે નવા બાંધવામાં આવેલા એફએમસી (ફ્રી મેડિકલ સેન્ટર) ની ઈમારતનું ઉદ્‌ઘાટન પણ કર્યું હતું. આ મેડિકલ સેન્ટર જાહેર જનતા માટે ખુલ્લું રાખવામાં આવશે.

તિરૂપુરના પોલીસ કમિશનરે શ્રીકમલેશભાઈની મુલાકાત લીધી હતી અને તેમની ઓફિસમાં હાર્ટફુલનેસ કાર્યક્રમનું સંચાલન કરવા માટે આમંત્રણ આપ્યું હતું. શ્રીકમલેશભાઈએ ભંડારો પૂરો થયા પછી, 30 મીએ કમિશનરની ઓફિસની મુલાકાત લીધી હતી અને 650 પોલીસ ઓફિસરો માટે સત્રનું સંચાલન કર્યું હતું. હાર્ટફુલનેસની તાલીમ બીજા બે દિવસ સુધી ચાલુ રહી હતી.

### હૈદ્રાબાદ

ભંડારા પછી, માસ્ટરે તેમનો થોડો સમય કાન્હા ખાતે ગાળ્યો હતો. ત્યાંના તેમના રોકાણ દરમિયાન તેમણે તેમના સમયનો ઉપયોગ આરામ કરવામાં કર્યો હતો અને પોતાને હિમાલયના પ્રવાસ માટે તૈયાર કર્યા હતા. તેઓ ‘સહજ કનેક્ટ’ની મોબાઈલ એપનો ઉપયોગ પણ કરતા હતા અને ઘણા અભ્યાસીઓને સીટીંગ આપતા હતા. આ દિવસો દરમિયાન તેમણે ‘સહજ માર્ગ ફિલોસોફી’ પણ વાંચી હતી. અવિધિસરની વાતચીતની થોડી રત્નકણિકાઓ નીચે છે:


કાન્હા

શ્રી રામચંદ્ર મીશન®

એકોઝ ઈન્ડીયા ન્યુઝલેટર

heartfulness
purity weaves destiny



- ગુરૂ પ્રત્યેનાં પ્રેમ વિષે વાત કરતાં તેમણે કહ્યું કે આપણે એવું કોઈ જ કાર્ય ન કરવું જોઈએ કે જે ગુરૂની બદનામીનું કારણ બને. જીવનમાં આપણાં શબ્દો અને આપણું વર્તન ગુરૂદેવે આપેલા ઉપદેશના સારરૂપે પ્રતિબિંબિત થવું જ જોઈએ.
- બાબુજી મહારાજ વિષે વાત કરતી વખતે તેમણે કહ્યું હતું, "આપણાં જીવનમાં દિવ્ય તત્વ લાવવું તે જ હાર્ટફુલનેસ છે."
- તમે ઈચ્છાને છોડી ના શકો. તમે માત્ર ઈચ્છાનો પ્રકાર અને તેની નિરર્થકતાને સમજી શકો છો. પરિપૂર્ણતા અથવા સ્વૈચ્છિક પરિત્યાગ કરવા માટે તેની સાથે રમવાનો કોઈ અર્થ નથી. વ્યકિતએ ઈચ્છાનો પ્રકાર સમજી લીધો છે, તેણે જ જિંદગીજીવવાની કળા શીખી લીધી છે.

8મી ઓકટોબરે શ્રી કમલેશભાઈ લગભગ સવારે 10:30 કલાકે દિલ્હી પહોંચ્યાં અને તરત જ સતખોલ જવા માટે રવાના થયા હતા.

**હાર્ટફુલનેસ – રાયગઢ, મહારાષ્ટ્ર**

ધ્યાન માટેની નેશનલ ઈવેન્ટ, 12મી સપ્ટેમ્બરે શ્રી કમલેશભાઈએ પિલ્લાઈ, HOCL, એજ્યુકેશન કેમ્પસ, રસાયણીની નવી વહીવટી પાંખના ઉદ્‌ઘાટનથી કરી હતી. મહાત્મા એજ્યુકેશન સોસાયટીના ચેરમેન અને સી.ઈ.ઓ., ડો.કે.એમ.વાસુદેવન પિલ્લાઈએ બધાનું સ્વાગત કર્યું હતું અને ઈજનેરીનાં વિધાર્થીઓને તેમની યુવાવસ્થાનો ઉપયોગ ખૂબ જ સમજદારીપૂર્વક અને ચતુરાઈપૂર્વક કરવાની સલાહ આપી હતી, કે જેથી તેઓ તેમનું જીવન સરળ અને લાભદાયી રીતે જીવી શકે.

શ્રી કમલેશભાઈએ તેમના વકતવ્યમાં વિધાર્થીઓ માટે ધ્યાનના ફાયદા પર ભાર આપ્યો હતો, જેમ કે IQનું સ્તર વધવું, શૈક્ષણિક તણાવમાં ઘટાડો, શૈક્ષણિક સિધ્ધિમાં પ્રગતી, શ્રેષ્ઠ એકાગ્રતા, વગેરે. ત્યાર પછી રીલેક્ષેશન અને ધ્યાન કરાવવામાં આવ્યું હતું

ત્રીજા વર્ષના અને અંતિમ વર્ષના આશરે 1200 વિધાર્થીઓએ આ સત્રમાં હાજરી આપી. વિધાર્થીઓના પ્રતિભાવ અને આભારવિધિ સાથે આ સત્ર પૂર્ણ થયું હતું.

ત્યાર પછી 14 થી 16 સપ્ટેમ્બર દરમિયાન ત્રણ દિવસનાં વર્કશોપના કાર્યક્રમમાં હાર્ટફુલનેસ રીલેક્ષેશન પધ્ધતિની અને ધ્યાનની તાલીમ આપવામાં આવી હતી. એન્જીનિયરીંગના કુલ 120 વિધાર્થીઓએ તાલીમ પૂરી કરી હતી અને HOCL કેમ્પસ ખાતે રવિવારના સમૂહ ધ્યાન માટે તેમના નામ નોંધાવ્યા હતા.

આ પ્રસંગે 15 સભ્યોની સ્ટુડન્ટ કમિટિ બનાવીને, તેમાં ફેકલ્ટીના સભ્યોનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો અને 'હાર્ટફુલનેસ સ્ટુડન્ટ વેલનેસ કલબ' બનાવીને તેનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ પહેલની શરૂઆત 'મહાત્મા એજ્યુકેશન સોસાયટીનાં વેલેનેસ ડીપાર્ટમેન્ટ' હેઠળ થઈ હતી અને નક્કી કરવામાં આવ્યું હતું કે વિધાર્થીઓ અને શિક્ષકો માટે ધ્યાન, આધ્યાત્મિકતા, શારીરિક સુયોગ્યતા અને મનોરંજનને લગતી પ્રવૃતિઓ નિયમિતરૂપે યોજવામાં આવશે અને તે પ્રવૃતિઓ વિધાર્થીઓની પ્રવૃત્તિઓના શૈક્ષણિક સમયપત્રકમાં રજૂ કરવામાં આવશે.




રાયગઢ



## તામિલનડુના રાજયપાલે લીધેલી મણપાક્કમ આશ્રમની મુલાકાત

તમિલનાડુના ગવર્નર, સન્માનીય ડો. કે.રોસૈયા, રવિવારે 11મી ઓકટોબરે, જાતે ધ્યાનનો અનુભવ કરવા માટે બાબુજી મેમોરીયલ આશ્રમની મુલાકાત લીધી હતી. આશ્રમનાં નિર્મળ વાતાવરણમાં અભ્યાસીઓએ રાજયપાલનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું અને સત્ર માટે તેમને ઓડીટોરીયમમાં લઈ જવામાં આવ્યા હતા.

'ધ્યાન એટલે શું, ધ્યાન કરવાના ફાયદા અને હૃદય પર ધ્યાન કેવી રીતે કરવું તેનો સંક્ષિપ્ત પરિચય આપ્યા બાદ, પહેલી સીટીંગ આપવામાં આવી હતી. સત્રનાં અંતે તેમણે કહ્યું હતું, " આ અનુભવ અતિ સુંદર છે અને મારી જિંદગીમાં મેં પહેલાં કયારેય ન અનુભવ્યો હોય, એવો કંઈક નવો જ અનુભવ છે. મને એવા આનંદ(પરમ આનંદ)નો અનુભવ થયો છે, જે પહેલાં અનુભવ્યો ન હતો." પ્રશિક્ષકોએ આગામી સત્રો માટે રાજભવન જવાની વત કરી હતી, પણ રાજયપાલશ્રીએ સ્મિત સાથે કહ્યું હતું, "મને જયારે ધ્યાન કરવાની ઈચ્છા થાય, ત્યારે હું જ અહીં આશ્રમમાં આવું, તે જ સાચી રીત છે." રાજયપાલશ્રીને પુસ્તકો ભેટ આપવામાં આવ્યા હતાં

તેમની સાથે આવેલા માણસોમાંથી લગાગ 15 જણે તેમની પ્રારંભિક સીટીંગો લીધી હતી અને તેમના આધ્યાત્મિક અભ્યાસની શરૂઆત કરી હતી..

## મણપાક્કમ આશ્રમમાં યુવા પ્રવૃતિઓ

ગયા મહિના દરમિયાન, ચેન્નાઈનાં યુવાઓ કેન્દ્રની પ્રવૃત્તિઓમાં સામેલ થવા માટે ગયા મહિને મોટી સંખ્યામાં ભેગા થયા હતા. મણપાક્કમ ખાતે યુવા અભ્યાસીઓને તેમના કાર્યના હેતુ વિષે દ્રઢ એકાગ્રતા સહિત સમજ આપવા માટે અને કયા વિસ્તારમાં તેઓ તેમનો ફાળો આપી શકે છે તેની માહિતી આપવા માટે યુવા મિટિંગો રાખવામાં આવી હતી.

ગુરુઓની પરંપરામાંથી પ્રેરણા લેવા માટે યુવાનોને પ્રોત્સાહન આપીને અને તેમની શકિતઓને હૃદય તરફ વાળીને કાર્યનો અખંડ હિસ્સો બનવા માટે શની-રવિના દિવસોમાં આયોજકો નિયત સમયે ઉત્સાહથી વકતાઓ સાથે મળીને સત્રોનું આયોજન કરી રહ્યા છે.

ચેન્નાઈ મેટ્રોઝોનની અંદર અને આજુબાજુના વિસ્તારોમાં વિવિધ પ્રવૃત્તિઓ કરવા માટે યુવા ટીમના નેતાઓ અને સ્વયંસેવકોને ભેગા કરવામાં આવ્યાં છે. તેમાં આશ્રમમાં ઈવેન્ટ મેનેજમેન્ટ, કન્ટેન્ટ ક્રિએશન અને એડીટીંગ, સોશીયલ મીડીયા મેનેજમેન્ટ, હાર્ટફુલનેસ માટે તાલીમાર્થીઓ અને IT સપોર્ટ વર્ગનો સમાવેશ કરવામાં આવ્યો હતો. લગભગ 200 યુવા ઉત્સાહિત અભ્યાસીઓનાં સમૂહે ભવિષ્યમાં જરૂર પડે તો સહાય કરવાનું વચન આપ્યું હતું.



## વી-કનેકટ, ખેડબ્રહ્મા,ગુજરાત (6A)

હેડકવાર્ટરની વી-કનેકટ ટીમની મદદથી ગુજરાત, ઝોન-6Aની અમદાવાદની વિલેજ કનેકટ ટીમે યોજના બનાવી હતી અને ખેડબ્રહ્મા ખાતે આયોજનબધ્ધ કાર્યક્રમને અમલમાં મૂક્યો હતો.

NLRDEમાંથી આવેલી ટીમ સાથે (સાબરકાંઠા જિલ્લાનાં પ્રાથમિક અવસ્થામાં જીવતા લોકોના ઈલાકામં યોજનાઓ પર કામ કરતા NGO) અમદાવાદમાંથી સ્વયંસેવકોની ટીમે 16મી સપ્ટેમ્બરે, ખેડબ્રહ્માના નાના ગામની મુલાકાત લીધી હતી. તેમને આ વિસ્તારની 6 મોટી શૈક્ષણિક સંસ્થાઓનો સંપર્ક કર્યો હતો અને વિશ્વ શાંતિ દિનના રોજ યોજવામા આવનાર કાર્યક્રમની સંપૂર્ણ માહિતી આપી હતી. બે પ્રશિક્ષકોની ટીમ અને એક સ્વયંસેવક વકતા બહેને, NLRDEના બે સભ્યો સાથે આ સંસ્થાઓમાં કાર્યક્રમ યોજ્યો હતો.

21મી સપ્ટેમ્બરે લગભગ 1400 લોકોને રીલેક્ષેશન અને ધ્યાન વિષે વ્યવહારિક સત્ર દ્વારા માહિતગાર કરવામાં આવ્યા હતા. 22મી સપ્ટેમ્બરથી લગભગ 500 લોકોએ અભ્યાસ શરૂ કર્યો હતો. પ્રારંભિક સીટીંગો પૂરી કરવા માટે ચાર પ્રશિક્ષકોની ટીમ તે નાના ગામમાં રોકાઈ હતી.

શ્રી રામચંદ્ર મીશન®

એકોઝ ઈન્ડીયા ન્યુઝલેટર



કોલકાતા



વલસાડ

### સી – કનેક્ટ તાલીમ, કોલકાતા

અલ્પ સમયમાં જાણ કરી હોવા છતાં, પશ્ચિમ બંગાળ અને તેની બાજુનાં રાજયોમાંથી આવેલા 120 કરતાં વધારે લોકો કોલકાતાના BMA ખાતે, 22 ઓગસ્ટના રોજ રાખવામાં આવેલા સી–કનેક્ટની તાલીમમાં હાજર રહ્યાં હતા. તેની શરૂઆત ધ્યેયો અને અપેક્ષાઓ જેવાં પાસાંઓ સહિત હાર્ટફુલનેસની વિસ્તૃત સત્ર સાથે થઈ હતી. હાર્ટફુલનેસ પરના માસ્ટરના વીડીયોમાંથી થોડાંક અવતરણો દર્શાવવામાં આવ્યાં હતાં. લંચ પછીના સત્રમાં મુખ્યત્વે સી–કનેક્ટ પર ભાર મૂકવામાં આવ્યો હતો. ફેસીલીટેટરે સમજાવ્યું હતું કે કઈ રીતે કંપનીઓને સંપર્ક કરવો, કઈ રીતે કાર્યક્રમનું સંચાલન કરવું અને બીજી ઘણી બધી જટિલતાઓ કે જે શરૂઆતનાં તબક્કે ઉદ્દ્ભવતી હોય છે તેનું સમાધાન કેવી રીતે કરવું ત્યારપછી પ્રશ્નોતરી અને પ્રાયોગિક સત્ર રાખવામાં આવ્યું હતું. પ્રાયોગિક સત્ર સ્પષ્ટ હતું અને સૂઝ આપનારું હતું અને ભાગ લેનારાઓને એક ઉદાહરણ પૂરું પાડ્યું હતું કે જયારે તેઓ વિવિધ કંપનીઓમાં સત્રનું આયોજન કરે ત્યારે શેની અપેક્ષા રાખી શકાય છે.

### અલ્હાબાદ, ઉત્તર પ્રદેશ

હાર્ટફુલનેસ તાલીમ પ્રસંગ માટે અલ્હાબાદ આશ્રમ ખાતે 19મી અને 20મી સપ્ટેમ્બરનાં રોજ 'તાલીમાર્થીઓને તાલીમબધ્ધ કરવા', નું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર ભારતમાંથી લગભગ 226 અભ્યાસીઓએ તાલીમમાં હાજરી આપી હતી અને સંદેશો ફેલાવવાનાં અતિશય આત્મવિશ્વાસ સાથે તેમનાં કેન્દ્રોમાં પાછા ફર્યા હતા.. 19મીએ તાલીમની શરૂઆત હાર્ટફુલનેસનો પરિચય, મોક સત્રો અને પ્રશ્નોતરીના સત્ર સાથે થઈ હતી. લંચ પછીનું સત્ર સ્પષ્ટતાઓ સાથે પૂર્ણ થયું હતું.

20મી એ તાલીમની શરૂઆતથી થઈ હતી. ફેસીલીટેટર દ્વારા સી–કનેક્ટ, વી–કનેક્ટ અને જી–કનેક્ટ વિશે સંક્ષિપ્ત પરિચય આપવામાં આવ્યો હતો અને અભ્યાસીઓ માટે તે સત્રો ખૂબ જ શિક્ષણાત્મક અને માહિતીજનક હતા. તાલીમ સત્ર બપોરે 2 વાગે પૂર્ણ થયું હતું.

### વલસાડ, ગુજરાત

હાલની જરૂરિયાતને ધ્યાનમાં લઈને, હાર્ટફુલનેસ વિષે સજાગતા લાવવા માટે વલસાડ કેન્દ્ર ખાતે તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સુરત, વલસાડ અને અન્ય સેટેલાઈટ કેન્દ્રોમાંથી લગભગ 150 જેટલા અભ્યાસીઓ તાલીમમાં હાજર રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન ZIC ભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. નવા આકાંક્ષીઓ સુધી પહોંચવાની પ્રક્રિયાથી અભ્યાસીઓમાં સજાગતા આવી હતી.

આ કાર્યક્રમ અભ્યાસીઓને તે ખાતરી આપવામાં મદદરૂપ રહ્યો કે સહજ માર્ગની ઝુંબેશમાં દરેક વ્યક્તિની વધારેમાં વધારે સંખ્યામાં લોકો સુધી આપણાં માસ્ટરનો સંદેશો ફેલાવવામાં પોતાની ભૂમિકા ભજવી શકે છે.

## નવી નિમણૂંકો

### સેન્ટર / ઝોન કો ઓર્ડીનેટર

**ચેન્નાઈ મેટ્રો ઝોન(ઝોન 2)**

ભાઈ એસ. પ્રકાશ(CC અને ZC)

**બિહાર અને ઝારખંડ(ઝોન 17)**

ભાઈ અખિલેશ કુમાર ઝા

### સેન્ટર કો ઓર્ડીનેટર્સ

**રુદ્રપુર સેન્ટર, ઉત્તરાખંડ** બહેન મનજીત કૌર

**નૈનિતાલ સેન્ટર, ઉત્તરાખંડ** બહેન ગીતા સરીન

**ઓરાઈ સેન્ટર, ઉત્તર પ્રદેશ.** ભાઈ ડો.(મેજર) રણવીર સીંઘ

### આશ્રમ મેનેજર

**ગેંગટોક આશ્રમ** ભાઈ ઓમ પ્રકાશ ગુલીયા

**લખનૌ આશ્રમ** ભાઈ અનિલ કુમાર સકસેના

**ઉડુપી આશ્રમ** ભાઈ આર.શ્રીધર

શ્રી રામચંદ્ર મીશન®

એકોઝ ઈન્ડીયા ન્યુઝલેટર

# વ્યકિતગત શાંતિ વિશ્વ શાંતિમાં ફાળો આપી શકે છે

20મી સપ્ટેમ્બર 2015નાં રોજ યુનાઈટેડ નેશન્સ વિશ્વ શાંતિ દિવસનાં આગલાં દિવસે, ભારતમાં વિવિધ કેન્દ્રો અને આશ્રમો ખાતે હાર્ટફુલનેસ કાયક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. દરેક ક્ષેત્રના લોકોએ આમાં હાજરી આપી હતી. છાપેલા આમંત્રણ પત્રો દ્વારા, પોસ્ટર્સ દ્વારા, આ પ્રસંગને લગતાં સ્થાનિક વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધ થયેલા લેખો દ્વારા અને વ્યકિતગત સંપર્ક દ્વારા લોકોને આ અજોડ કાર્યક્રમ વિશે માહિતગાર કરવામાં આવ્યાં હતા.

ભારતનાં લગભગ બધાં જ કેન્દ્રોએ એક સરખી પધ્ધતિ અપનાવી હતી. 'વ્યકિતગત શાંતિ વિશ્વ શાંતિમાં ફાળો આપી શકે છે' એ વિષયથી આ કાર્યક્રમની શરૂઆત થઈ હતી, ત્યારપછી હાર્ટફુલનેસનું સત્ર રાખવામાં આવ્યું હતું. આકાંક્ષીઓને કાર્યક્રમની સંક્ષિપ્ત જાણકારી આપવામાં આવી હતી, ત્યારપછી 10 મિનિટના બિનમાર્ગદર્શિત ધ્યાનને હતું. ત્યાર બાદ આકાંક્ષીઓને તેમના અનુભવોની નોંધ કરવા જણાવવામાં આવ્યું હતું.

હાર્ટફુલનેસ ટીમ દ્વારા તૈયાર કરવામાં આવેલી વીડિયો કલીપ દર્શાવવામાં આવી હતી. 30 મિનિટ માટે માર્ગદર્શિત રિલેક્ષેશન અને ત્યાર પછી માર્ગદર્શિત ધ્યાન કરાવવામાં આવ્યું હતું. તે પછી આકાંક્ષીઓને તેમના અનુભવો જણાવવા માટે કહેવામાં આવ્યું હતું. તેમાંથી મોટાભાગના આકાંક્ષીઓએ હકારાત્મક પ્રતિભાવ આપ્યો હતો અને કેટલાક આકાંક્ષીઓએ ખૂબ જ અજોડ અનુભવો વર્ણવ્યાં હતાં. થોડાક લોકોએ ધ્યાન શરૂ કરવામાં રસ દાખવ્યો હતો અને તેમને તે પ્રમાણે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું કે તેઓ ભાગ લેનારાઓને તેમનાં કુટુંબ અને મિત્રોને હાર્ટફુલનેસની જાણકારી આપે.

મોટા ભાગની શાળાઓએ રિલેક્ષેશન પધ્ધતિમાં સારો પ્રતિભાવ દર્શાવ્યો હતો અને તેમણે જણાવ્યું હતું કે શાળાનાં દૈનિક કાર્યક્રમના એક ભાગ તરીકે તેઓ તેને અપનાવી રહ્યા છે. વિવિધ રાજ્યોમાં આવેલી કોલેજોમાં માર્ગદર્શિત ધ્યાનને વિશાળ પ્રતિભાવ મેળવેલ છે. આ અજોડ ઝુંબેશ શરૂ થઈ ગઈ છે અને હવે તે એક દાવનળની જેમ ફેલાઈ રહી છે.


અજમેર


અલ્વર


અની


બિહાર


ચંદ્રપુર


દિગ્બોઈ


જમ્મુ


ગોંદિયા


સીંગરવા


રાનીખેત


ઉજ્જૈન


કામ્પ્લી કોટલ


કાનપુર


ખરગપુર


કોઝીકોડા


લોંગોવાલ


વિજયવાડા


જયપુર

શ્રી રામચંદ્ર મીશન®

એકોઝ ઈન્ડીયા ન્યુઝલેટર

## હાર્ટફુલનેસ


મોરાદાબાદ

સમગ્ર દેશમાં હાર્ટફુલનેસ કાર્યક્રમ પૂરા જોશપૂર્વક ચાલી રહ્યો છે. આ કાર્યક્રમને સી–કનેક્ટ, યુ–કનેક્ટ, જી–કનેક્ટ, વી–કનેક્ટ, કોન્સીયસ લીવીંગ અને હાર્ટફુલનેસ કાર્યક્રમમાં વિભાજીત કરવામાં આવ્યો છે. સમગ્ર દેશનાં વિવિધ ભાગોમાંથી જે રીપોર્ટસ્ મળી રહ્યાં છે તે દર્શાવે છે કે કાર્યક્રમ ખૂબ જ ઉત્સાહથી આવકારવામાં આવી રહ્યો છે અને જીજ્ઞાસુઓ દ્વારા સ્વીકારવામાં આવ્યો છે અને આ શરૂઆત દ્વારા હજારો લોકોએ અભ્યાસ શરૂ કરી દીધો છે.[


ઓંગોલે


વડોદરા


જોધપુર


શોરાપુર


ગુલબર્ગા


પૈઠણ


કુનુર


પુલગાંવ


ટ્રિચિ

To download or subscribe to this newsletter, please visit http://www.sahajmarg.org/newsletter/india For feedback, suggestions and news articles please send email to in.newsletter@srcm.org

© 2015 Shri Ram Chandra Mission ("SRCM"). All rights reserved. “Shri Ram Chandra Mission", "Sahaj Marg", “SRCM”, “Constant Remembrance” and the Mission's Emblem are registered Trademarks of Shri Ram Chandra Mission.This Newsletter is intended exclusively for the members of SRCM. The views expressed in the various articles are provided by various volunteers and are not necessarily those of SRCM.